બાળવિજ્ઞાન પ્રસ્તુત

# ભગવાન ક્યાં રહે છે?



## - ત્રિમંત્ર -





**નમો વીતરાગાય**
**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવઝ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહૂણં**
**એસો પંચ નમુક્કારો; સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં**
**ૐ નમો ભગવતે વાસુદેવાય**
**ૐ નમઃ શિવાય**
**જય સચ્ચિદાનંદ**






<u>પ્રકાશક:</u>

મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૯૭૯, ૨૭૫૪૦૪૦૮.
E-mail:info@dadabhagwan.org
Website: www.dadabhagwan.org


©: All Rights Reserved – Mahavideh Foundation
Address as above


<u>મુદ્રક :</u>

મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડીવીઝન)
પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઇન્કમટેક્ષ, અમદાવાદ – ૧૪. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪.

<u>પ્રાપ્તિ સ્થાન :</u>

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોક હાઈવે,
અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
E-mail: balvignan@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org
પહેલી આવૃતિ : ૩૦૦૦ કોપી, જુલાઈ : ૨૦૧૨
મુલ્ય : ભારત ₹૫૦

એક હતી રીંકી. ગુલાબી ગાલ અને વાંકડીયા વાળ. નટખટ અને તોફાની. હોંશે હોંશે એ સૌના કામ કરે. ઘરમાં બધાની લાડકી થઈને ફરે.

મગજ એનું ભારે તેજ. અવનવા પ્રશ્નો એના મગજમાં ઉઠ્યા કરે. જ્યાં સુધી એનો સંતોષકારક જવાબ ન મળે ત્યાં સુધી એને ચેન ન પડે.



**એ**ક દિવસ એના દાદીએ એને મંદીરમાંથી
લાવેલો પ્રસાદ આપ્યો.

રીંકી: ભગવાનનો પ્રસાદ ? દાદી,
ભગવાન ક્યાં રહે છે ?

દાદી: ભગવાન મંદિરમાં રહે છે.




રીંકી હોંશે હોંશે મંદિરમાં પહોંચી ગઈ.
બધે એને ફક્ત મૂર્તિઓ જ દેખાઈ.
ભગવાન ક્યાંય ન દેખાયા.
પછી એ...

...મમ્મી પાસે ગઈ.

રીંકી: મમ્મી કહેને, ભગવાન ક્યાં રહે છે ?

મમ્મી: ઉપર, આકાશમાં.





રીંકીએ બહાર જઈ આકાશમાં ક્યાંય
સુધી જોયા કર્યું. ભગવાન એને ક્યાંય
દેખાયા નહીં.

ત્યાં તો...

## ...એને પંડિતકાકા યાદ આવ્યા.


રીંકી: પંડિતકાકા આખો દિવસ ભગવાનનું જ વાંચ વાંચ કરે છે. એમને ખબર હશે.



એમ વિચારી એ પંડિતકાકા પાસે ગઈ.

રીંકી: કાકા, ભગવાન ક્યાં રહે છે ? કહોને.

પંડિતકાકા: આ રહ્યા ભગવાન, આ શાસ્ત્રોમાં.



રીંકી: પુસ્તકોમાં ભગવાન હોતા હશે ?

**આ**મ નવાઈ પામતા રીંકીએ એક-એક શાસ્ત્રોના પાના જોઈ લીધા, પણ ભગવાન જડ્યા નહીં.





એ નિરાશ થઈ પાછી ફરતી હતી.



રસ્તામાં ...

## ..એણે પોસ્ટમેનકાકાને જોયા.

રીંકી: પોસ્ટમેનકાકા, તમને તો બધાના ઘર ખબર હોય. મને ભગવાનનું સરનામું આપોને, ભગવાન ક્યાં રહે છે ? ક્યા શહેરમાં ? કઈ ગલીમાં ? ક્યા મકાનમાં ? ક્યા ઘરમાં ?''

પોસ્ટમેનકાકા: ભગવાન તો દરેક જગ્યાએ, દરેક વસ્તુમાં રહેલા છે.



રીંકી: દરેક વસ્તુમાં એટલે શું ? શું આ થાંભલામાં પણ રહેલા છે ?

પોસ્ટમેનકાકા: હા.



અને પોસ્ટમેનકાકા ચાલતા થયા

રીંકીએ થાંભલાને ગોળ ફરીને જોયું પણ
ભગવાન દેખાયા નહીં.




રીંકી: દરેક વસ્તુમાં ?
ખુરશી, ટેબલ, કબાટ,
પલંગ આ બધામાં ભગવાન
કેવી રીતે હોઈ શકે ?
એટલામાં...
૧૩

## ...એને એની મિત્ર પીંકી મળી.

રીંકી: તને ખબર છે, ભગવાન ક્યાં રહે છે ?
પીંકી: હા, આપણા સૌના હૃદયમાં.



રીંકી: હૃદયમાં? તો પપ્પાને જ્યારે છાતીમાં દુ:ખાવો થાય છે, ત્યારે ભગવાનને દુ:ખતું હશે ?

પીંકી: હા રે, ભગવાનને તો દુ:ખ હોય જ નહીંને !



**રીં**કી અને પીંકી બન્ને વિચારમાં પડી ગયા.





નથી ક્યાંય મંદીરમાં
ન દેખાય આકાશમાં

ફંફોળ્યા પુસ્તક બધા
પણ ન મળ્યા કોઈ શાસ્ત્રોમાં






દરેક વસ્તુ જોઈ વળ્યા
હૃદયમાં એ ન જડ્યા

ભગવાન તમે રહો છો ક્યાં ?
કહોને આપ છો ક્યાં ?


રીંકી અને પીંકી
બન્ને વિચારમાં પડી ગયા.
પીંકી: આજે સાંજે તું મારી સાથે
સત્સંગમાં આવજે. ત્યાં આપણે
દાદાને આ પ્રશ્ન પૂછી જોઈશું.
રીંકી: સારું.
...અને રીંકી ઘરે ગઈ.


સાંજે સત્સંગમાં...
રીંકી: દાદા, ભગવાન ક્યાં રહે છે ?

દાદા: ભગવાન દરેક જીવમાં રહેલા છે.
મારામાં છે, તારામાં છે, ગાયમાં છે,
ઝાડ-પાનમાં છે, જીવજંતુઓમાં છે,
આ ટહુકા કરતી કોયલમાં છે, બધામાં છે...





દાદા: ...હા, પણ કોઈ જડ વસ્તુમાં ભગવાન નથી રહેલા. આ ખુરશીમાં નથી, ટેબલમાં નથી, આ તારી વીંટીમાંય નથી.’’



રીંકી: દાદા, એ કેવી રીતે ખબર પડે કે દરેક જીવમાં છે અને વસ્તુમાં નથી ?






દાદા: તું ઘરે મહેમાન આવે
તો ખુશ ખુશ થઈ જાયને ?
રીંકી: હા, દાદા





દાદા: અને કોઈ તને મારે
તો તું રડવા લાગે ને ?
રીંકી: હા





દાદા: તને શિયાળામાં ઠંડી
અને ઉનાળામાં ગરમી લાગે ?
રીંકી: હા





દાદા: તને ભૂખ લાગે ?
તરસ લાગે ?
રીંકી: હા, દાદા



દાદા: હવે મને કહે, ઘરે મહેમાન
આવે તો ટેબલ ખુશ થાય ?





ટેબલને મારીએ
તો એને દુ:ખ થાય ?



એ તારી જેમ
રડે ?





અને ભૂખ કે
તરસ લાગે ?







ટેબલને ઠંડી કે ગરમીની
અસર થાય ?



રીંકી : ના, દાદા



...એટલે જેમાં ભગવાનની હાજરી હોય તે જ
સુખ-દુ:ખ, ભુખ-તરસ, ઠંડી-ગરમી વગેરેની
અસરો અનુભવી શકે....



...માટે દરેક સજીવમાં ભગવાન રહેલા છે.
જડ વસ્તુઓ આ અસરોને અનુભવી શકતી
નથી માટે એમાં ભગવાન રહેલા નથી.





...માટે કોઈ જીવને દુઃખ આપવું નહીં. કારણ
કે એ ભગવાનને દુઃખ આપ્યું ગણાય.
એનાથી પાપ બંધાય છે. અને સુખ આપો તો
પુણ્ય બંધાય છે.






રીંકી: દુ:ખ અપાઈ જાય તો શું કરવું ?

દાદા: મનમાં એની અંદર બેઠેલા ભગવાન
પાસે માફી માગી લેવી કે,

"હે ભગવાન, મારાથી દુ:ખ
અપાઈ ગયું છે એની
હું માફી માંગુ છું. મને માફ કરો
અને આવી ભૂલ ફરી નહીં
કરવાની શક્તિ આપો."







રીંકી: દાદા, ભગવાન જો આપણી અંદર જ છે તો બધા ભગવાનના દર્શન કરવા મંદિરમાં કેમ જાય છે ?


દાદા: જ્યાં સુધી અંદરવાળા ભગવાનની ઓળખાણ નથી થતી ત્યાં સુધી મંદિરમાં દર્શન કરવા જવું પડે...

...મંદીરમાં દર્શન કરતી વખતે
આપણે એવી પ્રાર્થના કરવી કે,

"હે ભગવાન ! મને એવા જ્ઞાની
ભેગા થાવ જે મને મારા
અંદરવાળા ભગવાનની
ઓળખાણ કરાવી આપે.
આટલી કૃપા કરજો."

આવી પ્રાર્થના કરવાથી ધીમે ધીમે
અંદરવાળા ભગવાનની ઓળખાણ થવાના
સંજોગ ભેગા થતા જાય.
ભગવાનને ઓળખીએ તો મોક્ષ થાય.





દાદા: શું સમજાયું તને?

રીંકી:

* ભગવાન મારી અંદર જ રહેલા છે. એમને ઓળખીએ તો મોક્ષ થાય.

* જેવા ભગવાન મારામાં છે તેવા જ ભગવાન દરેક જીવમાં રહેલા છે.

* માટે કોઈ જીવને દુ:ખ ન આપવું.

* કારણ એ ભગવાનને દુ:ખ આપ્યા બરાબર ગણાય.

* એનાથી પાપ બંધાય અને દુ:ખ મળે અને સુખ આપવાથી પુણ્ય બંધાય જેનાથી સુખ મળે.

* માટે જો દુ:ખ અપાઈ જાય તો માફી માંગી લેવી.

દાદા, હું પણ આજથી નિશ્ચય કરું છું કે કોઈને દુ:ખ નહીં આપું અને અપાઈ ગયું તો તરત માફી માંગી લઈશ અને બધા જ જીવમાં ભગવાનના દર્શન કરીશ.



દાદાએ રીંકીને આશીર્વાદ આપ્યા.



રીંકી અને પીંકી
ખુશ થતા થતા ઘરે ગયા.


બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ
ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ
મન્થલી મેગેઝિન
બાળકો માટે
અક્રમ એક્સપ્રેસ
યુવાનો માટે
Ynet
અક્રમ એક્સપ્રેસ
સારા થવું કેટલું સહેલું !
અક્રમ એક્સપ્રેસ ડાયજેસ્ટ
સ્ટોરી બુક
ટૂર ટુ મહાવિદેહ
દાદા ભગવાન સચિત્ર
દાદા ભગવાન
દિશા કઈ ? ચાલી રહ્યા ક્યાં ?
ટીનેજર્સની દુનિયા
સાચી જીત
માનવમાંથી મહામાનવ
(નીલ) સીરીઝ બુક
V.C.D.
&
D.V.D.
પપેટ્સની દુનિયા
Fun and Gnan
2 in 1 Game Pack
Learn with Fun
લર્ન વીથ ફન
ગેમ્સ
વેબસાઈટ
Visit: Kids.dadabhagwan.org



‘ભગવાન ક્યાં રહે છે?’ નાનકડી રીંકીના મનમાં અચાનક આ પ્રશ્ન ઉદ્ભવ્યો અને એણે એની શોધ આરંભ કરી. જુદા જુદા વ્યક્તિઓ પાસે જઈને એણે આનો જવાબ મેળવવાની કોશિશ કરી. પણ દરેક પાસેથી મળતા જવાબ સાથે એને બીજા અનેક પ્રશ્નો ઉભા થતા, જેનાથી એ વધુ મૂંઝાઈ ગઈ. સાથે સાથે એની ઉત્સુક્તા પણ વધી ગઈ. જ્યાં સુધી એને એનો સંતોષકારક જવાબ ન મળ્યો ત્યાં સુધી એ જંપી નહીં. આખરે એને ભગવાનનું એડ્રેસ મળી જ ગયું.

કેવી રીતે ?કોની પાસેથી ? એના દરેક પ્રશ્નોના એને શું સમાધાન મળ્યા ? ......

સુંદર ચિત્રો દ્વારા પ્રદર્શિત રીંકીની આ ઉત્સુક્તાભરી યાત્રા માણવા આ પુસ્તક અચૂક વાંચો અને શોધી કાઢો કે ‘ભગવાન ક્યાં રહે છે?’

₹ 50